## પ્ર ક ર ણ - (૨)

**બ્રાહ્મણગ્રંથો તથા ઉપનિષદોમાં કળા સંબંધી વિચારણા :**

બ્રાહ્મણગ્રંથો તથા ઉપનિષદો ઈ.સ.પૂર્વે આઠમાં સૈકા પહેલા રચાયા હોવાનો વિધ્વાનોનો અભિપ્રાય છે.

જ્યારે વેદો સંદિગ્ધ બનવા લાગ્યા, તેની ભાષા સમજવામાં કઠણ લાગવા માંડી ત્યારે અને જ્યારે વેદોની આખી પરંપરા લુપ્ત થઇ જવાનો ભય ઉભો થયો ત્યારે ઋચાઓ અને ક્રિયાકાંડો વચ્ચેનો સંબંધ પ્રસ્થાપિત કરી આપવા માટે બ્રાહ્મણગ્રંથોની રચના થઇ. ઋચાઓનો બને એટલો શુધ્ધ વિનિયોગ મહત્વનો બન્યો. અનુષ્ઠાનનું સ્વરુપ વધુને વધુ ગહન થવા લાગ્યું. મંત્રોચ્ચારણ અને ક્રિયાકાંડો સમયે થતી શરીરની વિવિધ ભંગિમાઓ વધુને વધુ સાંકેતિક તથા રીતિબધ્ધ બનતી ગઇ.

બ્રાહ્મણગ્રંથોમાં ગાથા વિભાગમાં નૃત્ય અને સંગીતકળાના વિકાસનો અણસાર મળે છે. ઋગ્વેદના ઐતરેય અને કૌષિતકિ બ્રાહ્મણગ્રંથોમાં નૃત્યના ઉલ્લેખો છે.

તૈત્તિરીય બ્રાહ્મણમાં શૈલૂષ નટનો ઉલ્લેખ મળે છે. (III ૪.૨૧) શતપથ બ્રાહ્મણમાં પુરુરવા અને ઉર્વશીની દંતકથા મળે છે જે ઋગ્વેદમાંના પુરુરવા અને ઉર્વશી વચ્ચેના સંવાદનું વિકસિત સ્વરુપ છે.

ઐતરેય બ્રાહ્મણમાં કળાની સર્જન પ્રક્રિયાના સ્વરુપની ચર્ચા કરવામાં આવી છે. જૈમિનીયોપનિષદ બ્રાહ્મણમાં તાલના આધ્યાત્મિક મહત્વની વિચારણા કરવામાં આવી છે અને બધા તાલને બ્રહ્માંડના તાલ સાથે સમન્વય ધરાવતા કહ્યા છે. આમ બ્રાહ્મણગ્રંથોમાં કળાવ્યાપાર સાથે સંકળાયેલી સૌંદર્યશાસ્ત્રીય - aesthetical વિચારણાના બીજ પણ જોવા મળે છે.

## ઉપનિષદો

ઉપનિષદો પણ નૃત્ત અને નટ શબ્દનો ઉલ્લેખ કરે છે. અમૂર્ત દાર્શનિક વિભાવનાઓના સ્પષ્ટીકરણ માટે ઉપનિષદો નૃત્ય અથવા સંગીતનો ઉપયોગ કરતાં જણાય છે. ક્યારેક સંગીત અને નૃત્યને મોહના ઉપકરણ તરીકે તો ક્યારેક કઇ વિદ્યાઓનો અભ્યાસ થવો જોઇએ તેની સૂચિમાં નૃત્ય અને સંગીતનો સમાવેશ થતો જોવા મળે છે.

કઠ ઉપનિષદ્માં નચિકેતાને સંગીતથી મોહ પામતા બતાવવામાં આવ્યા છે. કેન ઉપનિષદ્માં દેહ અને આત્મા વચ્ચેનો સંબંધ તેમજ તે બંનેની અન્યોન્ય આશ્રયતા પાંચ ઇન્દ્રિયોના માધ્યમ વડે સ્પષ્ટ કરવામાં આવી છે. બૃહદારણ્યક ઉપનિષદ્ના ત્રીજા અધ્યાયમાં મનના વિકાસના તબક્કારૂપે ગાંધર્વલોકનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે.

છાંદોગ્ય ઉપનિષદ્ અધ્યાય-૭ માં નારદમુનિ સનત્કુમાર પાસે બ્રહ્મવિદ્યા ભણવા ગયા ત્યારે સનતકુમાર કહે છે કે તમે જે જાણતા હો તે મને કહો પછી હું તમને આગળ શીખવીશ. આના ઉત્તરમાં નારદમુનિ પોતે જે વિદ્યાઓ જાણે છે તેમા દેવજનવિદ્યાનો ઉલ્લેખ કરે છે જેમાં ગીત નૃત્ય અને વાદ્ય અને સુગંધિત દ્રવ્યો નિર્માણ કરવાની કલાનો સમાવેશ થાય છે. આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે ઉપનિષદકાળમાં અનેક વિદ્યાઓ પૈકી દેવજન વિદ્યા હતી અને તેમાં ગીત, વાદ્ય, નૃત્ય વિગેરે વિષયો શીખવવામાં આવતા.

બૃહદારણ્યક ઉપનિષદ્ અધ્યાય-૧ માં વિધાન છે કે ' સ્વર એજ સામાનું ભૂષણ છે. માટે જેને યજ્ઞમાં ઋત્વિકપણું કરવું હોય તેણે મધુર સ્વર વાણીમાં ઇચ્છવો. મધુર સ્વરવાળી વાણી વડે ઋત્વિકપણું કરવું. લોકો યજ્ઞમાં મધુર સ્વરવાળાને જોવાની ઇચ્છા કરેજ છે.' આ વિધાન પરથી વાણી કેવી હોવી જોઇએ તેના સંદર્ભમાં મધુરતાનો ઉલ્લેખ સંગીતકળાનું સૂચન કરે છે. વળી બૃહદારણ્યક ઉપનિષદ્ના ચોથા અધ્યાયમાં જીવાત્મા આ દેહ છોડી પુનર્જન્મ માટે પોતાના જ્ઞાન અને કર્મ અનુસાર બીજા દેહનું નિર્માણ કરે છે તેનું વર્ણન કરતાં કહેવામાં આવ્યું છે કે જેવી રીતે સુવર્ણકાર (શિલ્પી) સોનાનો ટુકડો લઇને તેના વડે બીજું

નવું અને ઘણું સુંદર રુપ (મૂર્તિ) બનાવે છે. તેવી રીતે, આ આત્મા આ શરીરને પાડી, અચેતન બનાવી બીજું નવું અને ઘણું સુંદર રુપ (શરીર) બનાવે છે. અહીં યા મૂર્તિશિલ્પકળાનો ઉલ્લેખ છે.

ઉપનિષદોમાં ભારતીય સૌંદર્યશાસ્ત્રી Indian Aesthetics ના કેટલાક પાયાના સિદ્ધાંતો બીજસ્વરુપે જોવા મળે છે. ''બ્રહ્મૈવ રસ: - બ્રહ્મ એજ રસ છે.', રસૌ વૈ સ: । રસં હ્યેવાયં લબ્ધ્વાનન્દી ભવતિ - તેજ રસછે. રસને જ પ્રાપ્ત કરીને આ (જીવાત્મા) આનંદી થાય છે.'' પરબ્રહ્મ એજ રસ છે અને તેનો આનંદ એજ ખરો આનંદ છે. આમાંજ રસ એ કાવ્ય, નાટ્ય આદિનો આત્મા છે એવા રસશાસ્ત્રના સિદ્ધાંતનું બીજ રોપાયેલું જણાય છે.

સાદૃશ્યની વિભાવના - પ્રકૃતિવાદના સંકેતરુપે નહીં પ્રમાણની દાર્શનિક વિભાવનાના સંદર્ભમાં ઉલ્લેખાયેલી જોવા મળે છે, જેનો પ્રભાવ સૌંદર્યશાસ્ત્રની કેટલીક વિભાવનાઓ ઉપર વર્તાય છે. આ ઉપરાંત 'અંતરહૃદય આકાશ' જેવા પ્રયોગોમાં, નાટ્યપ્રયોગના પ્રેક્ષક માટે રુઢ થયેલ શબ્દ 'સહૃદય' પ્રારંભિક રુપે જોવા મળે છે. ઉપનિષદોમાં પ્રયોજાયેલા રસિક, પ્રમાતા જેવા શબ્દો સહૃદયના સમાનવાચી શબ્દો છે. આમ ઉપનિષદોમાં નૃત્ય અને સંગીતકળાઓના શિલ્પ technique કરતાં કેટલીક સૌંદર્યશાસ્ત્રીય વિભાવનાઓના મૂળ તેની દાર્શનિક વિભાવનાઓમાં બીજ સ્વરુપે જોવા મળે છે.